બીલીમોરાના યુવકે વિડીયો પોસ્ટ કરી ફાંસો ખાઈ લીધો

વાયરમેનનું કામ કરતાં ચિરાગે વોટ્સએપ ગ્રુપમાં વિડીયો મૂકી જીવન ટુંકાવી લીધું

બીલીમોરા ગૌહરબાગમાં રહેતા ચિરાગ દિલીપભાઈ મિસ્ત્રી (ઉં.વ.૨૮) એ ગુરુવારે સોશિયલ મીડિયામાં વિડીયો વાયરલ કરી લીમડા ચોકમાં પોતાના જૂના ઘરે ગળે ફાંસો લગાવી આત્મહત્યા કરી લેતાં ચકચાર મચી હતી. ગૌહરબાગ મહર્ષિ કોમ્પલેક્સમાં રહેતા અને વાયરમેનનું કામ કરતા ચિરાગ દીલીપભાઈ મિસ્ત્રીએ વોટ્સએપ ગ્રુપમાં એક વિડીયો વાયરલ કર્યો હતો. બીજી તરફ વોટ્સએપ ગ્રુપમાં ૯ મિનિટનાં વિડીયો બાદ મિત્રો, સ્વજનોએ શોધખોળ શરૂ કરી હતી. તો લીમડા ચોક સ્થિત તેના જૂના ઘરે પ્રથમ માળે નાયલોનની દોરી વડે ગળે ફાંસો ખાધેલી હાલતમાં મળી આવ્યો હતો. જે અંગે પોલીસને જાણ કરાઈ હતી. પોલીસને ઘટનાસ્થળેથી ઝેરી દવાની ખાલી બોટલ પણ મળી આવી હતી. પોલીસે મેંગુશી હોસ્પિટલમાં પેનલ ડોક્ટરની ટીમ પાસે પોસ્ટમોર્ટમ કરાવી તપાસ હાથ ધરી છે. મહિલા પીએસઆઇ કારેણા તપાસ કરી રહી છે.

વિડીયોમાં મહિલા સહિત પાંચ સામે આંગળી ચીંધી

ચિરાગ મિસ્ત્રીએ મોત અગાઉ દુઃખી સ્વરે વિગતવાર વિડીયો બનાવી મહિલા સહિત પાંચ સામે આંગળી ચીંધી હતી. હાલ પોલીસે વિડીયોના આધારે તપાસ હાથ ધરી છે. જેમાં તથ્યોની ચકાસણી બાદ આત્મહત્યા દુષપ્રેરણાનો ગુનો નોંધાવાની સંભાવના જોવાઇ રહી છે.

અકસ્માતે મોત નહીં, યુવકને બે સાથી શ્રમિકે જ મોતને ઘાટ ઉતાર્યો હતો

ગણદેવીના ભાટ ગામે ઝારખંડના શ્રમજીવીની ગરનાળામાંથી લાશ મળી હતી

પીએમ રિપોર્ટમાં ભાંડો ફૂટ્યો, જમવા બાબતના ઝઘડામાં હત્યા કરી અકસ્માતનું તરકટ રચ્યું

બીલીમોરાઃ ગણદેવીના દરિયાકાંઠાના ભાટ ગામે તળાવ ઉપર કામ કરતાં ઝારખંડના એક યુવાન શ્રમજીવીનો બુધવારે ભેદી સંજોગોમાં મૃતદેહ મળી આવ્યો હતો. શરૂઆતમાં અકસ્માત મોત ગણાતી આ ઘટના પોસ્ટમોર્ટમ રિપોર્ટ બાદ ૨૪ કલાકમાં જ ક્રૂર હત્યામાં પરિણમી છે. ધોલાઈ મરીન પોલીસે ત્વરિત કાર્યવાહી હાથ ધરી હત્યાના ગુનામાં સંડોવાયેલા ઓરિસ્સાના બે સાથી શ્રમજીવીની ધરપકડ કરી જેલના સળિયા પાછળ ધકેલી દીધા છે.

ગણદેવી ભાટ ગામે રહેતા કૌશાંક ઈશ્વરભાઈ ટંડેલ (ઉં.વ.૩૭)ના ઝીંગા ઉછેરના તળાવ પર ઝારખંડનો વતની નિમંત જેમ્સ તીર્કી (ઉં.વ.૨૪) મજૂરી કામ કરતો હતો. બુધવારે નિમંત તળાવના આઉટલેટ ગરનાળાના પાણીમાં ડૂબેલી હાલતમાં મળી આવ્યો હતો. બીલીમોરાની મેંગુશી હોસ્પિટલ ખાતે સારવાર અર્થે લઈ જવાયો હતો, જ્યાં ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કર્યો હતો. ધોલાઈ મરીન પોલીસે શરૂઆતમાં આ મામલે અકસ્માત મોતનો ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. મૃતકના શરીર પર ઉઝરડાના નિશાન હોવાથી પોલીસે પેનલ ડોક્ટરોની ટીમ પાસે પોસ્ટમોર્ટમ કરાવ્યું હતું. પીએમ રિપોર્ટમાં બહાર આવ્યું હતું કે મૃતક નિમંતના માથાના ડાબી બાજુએ ગંભીર આંતરિક ઈજાઓ થવાના કારણે તેનું મોત નીપજ્યું હતું.

આ શંકાસ્પદ ઈજાઓ મામલે પોલીસે ત્યાં કામ કરતાં અન્ય મજૂરોની કડક પૂછપરછ હાથ ધરી હતી. પૂછપરછ દરમિયાન મૃતક નિમંત તીર્કી અને આરોપીઓ વચ્ચે છેલ્લા ચાર દિવસથી જમવા બાબતે નાની-મોટી બોલાચાલી અને ઝઘડો ચાલતો હતો. મંગળવાર રાત્રે આશરે ૧૧:૩૦ વાગ્યે જમવા બાબતે ફરી ઝઘડો ઉગ્ર બન્યો હતો. જેમાં ઉશ્કેરાઈને આરોપી માનજાનજાન ઉર્ફે કિશોર ઈનેમ બુરહે નિમંતના માથામાં લાકડાનો ફટકો મારી દીધો હતો, જ્યારે બીજા આરોપી બૈસાખુ ફાગુ બાડાઈકે તેને ઢીકમુક્કીનો માર માર્યો હતો. જેને કારણે નિમંત બેભાન થઈ જતાં બંને આરોપીઓએ તેને રૂમની બહાર ઢસડીને નજીકના ગરનાળાના પાણીમાં ફેંકી દીધો હતો જેથી આ ઘટના અકસ્માત જેવી લાગે. ત્યારબાદ આરોપી કિશોરે સુપરવાઈઝર પાસે જઈ ખોટું નાટક કર્યું હતું કે નિમંત શૌચક્રિયા કરવા જતાં પાણીમાં પડી ગયો છે. પોલીસે આરોપી માનજાનજાન ઉર્ફે કિશોર ઈનેમ બુરહ (ઉં.વ.૩૭, રહે., લોહરામ, બીસરા, જિ.સુંદરગઢ, ઓરીસ્સા) અને બૈસાખુ ફાગુ બાડાઈક (ઉં.વ.૬૫, રહે., પનીયાસાલ, ઓરીસ્સા)ની ધરપકડ કરી હતી.

સુભદ્રા-બલભદ્ર સંગે, કલ્યાણ કરે જય જગન્નાથ

'જય જગન્નાથ'ના ગૂંજતા જયઘોષ વચ્ચે નવસારી ભક્તિમય બન્યું

ઇસ્કોનની 12મી રથયાત્રામાં ઊમટ્યો આસ્થાનો મહાસાગર

નવસારીઃ નવસારી શહેરમાં ઇસ્કોન દ્વારા આયોજિત ભગવાન જગન્નાથજીની 12મી ભવ્ય રથયાત્રા ભક્તિ, શ્રદ્ધા અને ઉત્સાહના માહોલ વચ્ચે શાંતિપૂર્ણ રીતે સંપન્ન થઈ હતી. શહેરના મુખ્ય માર્ગો પર 'જય જગન્નાથ', 'હરે કૃષ્ણ' અને હરિનામ સંકીર્તનના ગુંજતા જયઘોષ વચ્ચે હજારો શ્રદ્ધાળુઓ ભગવાનના દર્શન માટે ઉમટી પડ્યા હતા. સમગ્ર યાત્રામાર્ગ ભક્તિમય રંગમાં રંગાઈ ગયો હતો.

રેલવે સ્ટેશનથી પ્રસ્થાન કરેલી રથયાત્રા શહેરના નિર્ધારિત માર્ગો પરથી પસાર થઈ ઇસ્કોન મંદિર ખાતે પૂર્ણ થઈ હતી. ભગવાન જગન્નાથ, બલભદ્ર અને સુભદ્રાજીના સુશોભિત રથના દર્શન માટે માર્ગ પર ઠેરઠેર શ્રદ્ધાળુઓ ઊભા રહ્યા હતા અને પુષ્પવર્ષા સાથે ભગવાનનું સ્વાગત કર્યું હતું. ભક્તોએ ઉત્સાહપૂર્વક રથ ખેંચી પોતાની આસ્થા વ્યક્ત કરી હતી.

સમગ્ર કાર્યક્રમ દરમિયાન પોલીસ દ્વારા ચુસ્ત સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી, જેના કારણે રથયાત્રા કોઈ અનિચ્છનીય ઘટના વિના સુચારુ રીતે પૂર્ણ થઈ હતી. યાત્રાનું વિશેષ આકર્ષણ ભગવાનને અર્પણ કરાયેલો પરંપરાગત 56 ભોગ રહ્યો હતો, જેની તૈયારીમાં શુદ્ધતા અને સાત્વિકતાના તમામ નિયમોનું પાલન કરવામાં આવ્યું હતું.

રથયાત્રા પૂર્ણ થયા બાદ 10 હજારથી વધુ શ્રદ્ધાળુઓ માટે મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રસાદમાં આશરે 1,000 કિલો ફળ, 1,000 કિલો બુંદી તેમજ પૌષ્ટિક ખીચડીનું વિતરણ કરવામાં આવ્યું હતું. મોટી સંખ્યામાં ભક્તોએ મહાપ્રસાદનો લાભ લઈ ધાર્મિક ઉત્સવને યાદગાર બનાવ્યો.

રેશનની દુકાનોમાં અનાજના સ્ટોકમાં અનિયમितતા જણાતાં નોટિસ અપાઈ

નવસારી જિલ્લા તંત્રનું મેગા ચેકિંગ ઓપરેશન, ૯ વાજબી ભાવની દુકાનોમાં આકસ્મિક તપાસ

નવસારીઃ ગરીબ અને જરૂરિયાતમંદ પરિવારોને તેમના હક્કનું અનાજ સંપૂર્ણ પારદર્શિતા સાથે મળી રહે તે માટે નવસારી જિલ્લા તંત્રે ગુરુવારે મેગા ચેકિંગ ઓપરેશન હાથ ધર્યું હતું. જિલ્લા કલેક્ટર મનીષ ગુરવાનીના માર્ગદર્શન હેઠળ જિલ્લાના વિવિધ વિસ્તારોમાં એકસાથે ૯ ટીમને મેદાનમાં ઉતારી ૯ વાજબી ભાવની દુકાનોમાં આકસ્મિક તપાસ કરવામાં આવી હતી.

તપાસ દરમિયાન કેટલીક દુકાનોમાં અનાજના જથ્થામાં વધ-ઘટ સહિતની અનિયમિતતાઓ સામે આવતાં સંબંધિત સંચાલકોને તાત્કાલિક કારણદર્શક નોટિસ ફટકારવામાં આવી હતી. સાથે જ અન્ય દુકાન સંચાલકોને સ્ટોક જાળવણી, રેકોર્ડની પારદર્શિતા અને જાહેર વિતરણ વ્યવસ્થાના તમામ નિયમોનું કડક પાલન કરવા સૂચના આપવામાં આવી હતી. જિલ્લા તંત્રની આ કાર્યવાહીનો સ્પષ્ટ હેતુ જાહેર વિતરણ વ્યવસ્થાને વધુ જવાબદાર, પારદર્શક અને વિશ્વસનીય બનાવવાનો છે. લાભાર્થીઓના હક્કના અનાજમાં કોઈપણ પ્રકારની ગેરરીતિ કે બેદરકારી સહન નહીં કરવામાં આવે તેવો સ્પષ્ટ સંદેશ આ અભિયાન દ્વારા આપવામાં આવ્યો છે. જિલ્લા નાગરિક પુરવઠા અધિકારીના જણાવ્યા મુજબ, તપાસમાં સામે આવેલી અનિયમિતતાઓને ગંભીરતાથી લઈને સંબંધિત સંચાલકોને નોટિસ આપવામાં આવી છે. તેમના જવાબના આધારે જાહેર વિતરણ વ્યવસ્થાના નિયમો મુજબ આગળની કાર્યવાહી કરવામાં આવશે.

જિલ્લા તંત્રે સ્પષ્ટ કર્યું છે કે આવી આકસ્મિક તપાસો આગામી સમયમાં પણ સતત ચાલુ રહેશે, જેથી દરેક લાભાર્થી સુધી સરકારનું અનાજ યોગ્ય પ્રમાણમાં અને સંપૂર્ણ પારદર્શિતા સાથે પહોંચે.

નવસારી જિલ્લામાં ફરી વરસાદી માહોલઃ હળવા છાંટાથી વાતાવરણમાં ઠંડક

નવસારીઃ નવસારી જિલ્લામાં ગુરુવારે વાતાવરણમાં બદલાવ જોવા મળ્યો હતો. જિલ્લાના કેટલાક વિસ્તારોમાં હળવા વરસાદી છાંટાં પડતાં ગરમી અને ઉકળાટમાં ઘટાડો નોંધાયો હતો. વાદળછાયા વાતાવરણ અને ઠંડા પવનના કારણે દિવસભર વાતાવરણ સુખદ રહ્યું હતું.

નવસારી કૃષિ યુનિવર્સિટીના હવામાન વિભાગના આંકડા મુજબ મહત્તમ તાપમાન 32 ડિગ્રી સેલ્સિયસ અને લઘુત્તમ તાપમાન 26.8 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. સવારના સમયે ભેજનું પ્રમાણ 96 ટકા હતું, જે સાંજ સુધીમાં 79 ટકા રહ્યું હતું. દક્ષિણ-પશ્ચિમ દિશામાંથી 7.9 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાતા વાતાવરણમાં ઠંડકનો અનુભવ થયો હતો.

સાંજે 4 વાગ્યા સુધીના વરસાદી આંકડા મુજબ નવસારી, જલાલપોર અને ચીખલી તાલુકામાં સરેરાશ 3 મિમી વરસાદ નોંધાયો હતો, જ્યારે સમગ્ર જિલ્લામાં સરેરાશ 2 મિમી વરસાદ થયો હતો. ગણદેવી, વાંસદા અને ખેરગામ તાલુકામાં આ સમય સુધી વરસાદ નોંધાયો નહોતો.

હળવા વરસાદને કારણે ખેતી માટે અનુકૂળ વાતાવરણ સર્જાયું હોવાનું માનવામાં આવી રહ્યું છે. જમીનમાં ભેજનું પ્રમાણ જળવાઈ રહેવામાં આ વરસાદ મદદરૂપ બની શકે છે. સાથે જ, ગરમીથી રાહત મળતાં સામાન્ય જનજીવન પણ વધુ અનુકૂળ બન્યું છે. હવામાન વિભાગના અનુમાન મુજબ આગામી દિવસોમાં પણ વાદળછાયું વાતાવરણ અને છૂટાછવાયા વરસાદની શક્યતા હોવાથી ચોમાસાની ગતિવિધિઓ યથાવત રહે તેવી સંભાવના છે.

જય જગન્નાથ સૌ કોઈ ગાય, તારા રથના દોરડાને અડવા, માનવ મહેરામણ ઉભરાય

વલસાડમાં ભક્તિમય માહોલમાં જગન્નાથજીની 31મી ભવ્ય રથયાત્રામાં ભક્તોનું ઘોડાપૂર ઊમટ્યું

વલસાડઃ અષાઢી બીજના પવિત્ર અવસરે આજે વલસાડ શહેરમાં આધ્યાત્મિક અને ભક્તિમય વાતાવરણ જોવા મળ્યું હતું. વલસાડના છીપવાડ વિસ્તારમાં આવેલા સુપ્રસિદ્ધ શ્રી જગન્નાથ મંદિરેથી ભગવાન જગન્નાથજીની 31મી ભવ્ય રથયાત્રા ખૂબ જ ઉમંગ અને શ્રદ્ધા સાથે નીકળી હતી. સવારના પહોરથી જ મંદિરમાં ભક્તોનું ઘોડાપૂર ઉમટી પડ્યું હતું, જેનાથી સમગ્ર વાતાવરણ 'જય જગન્નાથ'ના નાદથી ગુંજી ઉઠ્યું હતું. રથયાત્રાના પ્રારંભ પૂર્વે વહેલી સવારે મંદિરમાં વિશેષ પૂજા-અર્ચના અને મંગળા આરતીનું આયોજન કરવામાં આવ્યું હતું. શાસ્ત્રોક્ત વિધિ બાદ ભગવાન જગન્નાથ, ભાઈ બલરામ અને બહેન સુભદ્રાજીને વિધિવત રીતે રથમાં બિરાજમાન કરવામાં આવ્યા હતાં. આ પાવન પ્રસંગે વલસાડના સાંસદ ધવલભાઈ પટેલ અને ધારાસભ્ય ભરતભાઈ પટેલ તેમજ ભાજપના પ્રમુખ હેમંતભાઈ કંસારા ખાસ ઉપસ્થિત રહ્યા હતાં. તેમણે રથનું પૂજન કરી ભગવાનના આશીર્વાદ મેળવ્યા હતાં.

ભગવાનની આ રથયાત્રા છીપવાડથી નીકળી વલસાડ શહેરના વિવિધ વિસ્તારો અને મુખ્ય માર્ગો પર ફરી હતી. રથયાત્રા જે જે માર્ગ પરથી પસાર થઈ, ત્યાં શ્રદ્ધાળુઓ દ્વારા ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. આ આખી યાત્રા દરમિયાન ભક્તો માટે ઠેર-ઠેર પાણી અને પ્રસાદની વ્યવસ્થા કરવામાં આવી હતી. કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે વલસાડ પોલીસ તંત્ર દ્વારા સઘન બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. શહેરના સંવેદનશીલ વિસ્તારો સહિત સમગ્ર રૂટ પર પોલીસ જવાનો ખડેપગે તૈનાત રહીને રથયાત્રાની શાંતિપૂર્ણ સંપન્નતા માટે સતત મોનિટરિંગ કરી રહ્યા હતાં. સાંજના સમયે આ ભવ્ય રથયાત્રા પરત મંદિરે આવી પહોંચી હતી.

ચીખલીના મીણકચ્છની શાળાના કેમ્પસમાં દીપડો દેખાતા ભય

ધોજઃ ચીખલીના મીણકચ્છ ગામે રાત્રિના સમયે શાળા કેમ્પસ પાસે દીપડો દેખાતા ભયનો માહોલ સર્જાયો હતો.

મીણકચ્છ ગામે પ્રાથમિક શાળા પાસે રાત્રિ સમયે દીપડો લટાર મારતા હોવાનો સીસીટીવી ફૂટેજ હાલ સોશિયલ મીડિયામાં વાયરલ થયા હતા. બુધવારની રાત્રિના સમયે મીણકચ્છ ગામે આવેલી પ્રાથમિક શાળાના કેમ્પસમાં દીપડો દેખાતા સમગ્ર વિસ્તારમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો હતો. ચીખલી તાલુકામાં દીપડા દેખાવાની બાબત સામાન્ય બની જવા પામી છે. ચાર દિવસ પૂર્વે તાલુકાના ધોડવણી ગામમાં દીપડાએ શ્વાનનો શિકાર કર્યો હતો. સાદકપોર ગામમાં થોડા વર્ષો પહેલાં દીપડાએ એક મહિલા પર હુમલો કરી તેનો શિકાર કર્યો હતો. ધરતીપુત્રોએ રાત્રે ખેતરમાં પાણી વાળવા જવામાં કે કોઢારામાં બાંધેલા પશુઓને સાચવવામાં ભારે મુશ્કેલી પડી રહી છે.ગામના રહેણાંક વિસ્તારોની નજીક દીપડાની અવર-જવર વધી જવા પામી છે. ત્યારે મીણકચ્છ ગામે ૧૦-દિવસ પૂર્વે ગોઠવેલું પાંજરૂંની જગ્યા ફેરબદલી કરી ફરીથી ગોઠવવામાં આવ્યું હતું.

નવસારી મહાપાલિકાની વિવિધ 12 સમિતિના ચેરમેનોએ ચાર્જ સંભાળ્યો

નાગરિકલક્ષી કામગીરીને વધુ અસરકારક બનાવવા માટે પ્રતિબદ્ધતા વ્યક્ત કરી

નવસારીઃ નવસારી મહાનગરપાલિકાની વિવિધ વિષયવાર 12 સમિતિના નવા નિયુક્ત ચેરમેનોએ ગુરુવારે મહાનગરપાલિકા કચેરી ખાતે વિધિવત રીતે હોદ્દાનો ચાર્જ સંભાળ્યો હતો. ચાર્જ સંભાળવાના પ્રસંગે પદાધિકારીઓ, કોર્પોરેટરો, અધિકારીઓ, ભાજપના હોદ્દેદારો, કાર્યકરો તથા શુભેચ્છકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

વિધિવત ચાર્જ સંભાળનારા ચેરમેનોમાં ટ્રાન્સપોર્ટ કમિટીના ભાવિનભાઈ નાયક, સેનેટરી કમિટીના રીટાબેન પટેલ, ગાર્ડન સમિતિના જ્યોત્સનાબેન પ્રજાપતિ, સ્ટાફ સિલેક્શન એન્ડ એપોઈન્ટમેન્ટ સમિતિના કૃતિકાબેન પાટીલ, સાંસ્કૃતિક સમિતિના પરેશભાઈ ભારતીય, લાઈટ એન્ડ ફાયર સમિતિના રોશનભાઈ વાઘવાની, ડ્રેનેજ કમિટીના રાકેશભાઈ પટેલ, ટાઉન પ્લાનિંગ સમિતિના રૂપેશભાઈ શાહ, કાયદા સમિતિના કિરણબેન બલ્લા, વોટર વર્ક્સ સમિતિના દિવ્યકાન્ત પનારા, બાંધકામ સમિતિના સુનિલભાઈ લાજેવાર તથા ગૃહ નિર્માણ સમિતિના વિજયભાઈ રાઠોડનો સમાવેશ થાય છે.

આ પ્રસંગે જિલ્લા ભાજપ પ્રમુખ ભુરાભાઈ શાહ, ધારાસભ્ય રાકેશભાઈ દેસાઈ, પ્રદેશ કારોબારી સભ્ય શીતલબેન સોની, જિલ્લા ભાજપ મહામંત્રી જીગરભાઈ નાયક, શહેર પ્રભારી કેતનભાઈ નાયક સહિત ભાજપ સંગઠનના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા. તેમણે નવા ચેરમેનોને પુષ્પગુચ્છ અર્પણ કરી શુભેચ્છાઓ પાઠવી હતી.

દમણમાં જગન્નાથજીની રથયાત્રાનો પુષ્પવર્ષાથી આવકાર

દમણઃ આજે અષાઢી બીજના દિવસે સમગ્ર ભારતભરમાં ભગવાન જગન્નાથજીનો અનોખો ઉત્સવ ઉજવાતો હોય છે. ત્યારે સંઘપ્રદેશ દમણમાં પણ છેલ્લા 9 વર્ષથી શ્રી જગન્નાથ રથયાત્રા સમિતિ દમણ દ્વારા જગન્નાથજીની રથયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. નાની દમણ તીન બત્તી સ્થિત આવેલા જલારામ બાપાના મંદિર પટાંગણમાંથી જગન્નાથજીની રથયાત્રાનો વાજતે ગાજતે પ્રારંભ કરવામાં આવ્યો હતો. રથયાત્રાને નાની દમણના સત્યનારાયણ મંદિર, વિદ્યુત વિભાગ ચાર રસ્તા, ટેક્સી સ્ટેન્ડ, બસ સ્ટેન્ડ, એકતા ઉદ્યાન ધોબી તળાવ થઈ પરત જલારામ મંદિર મુકામે રથયાત્રાની પૂર્ણાહુતિ કરવામાં આવી હતી. રથયાત્રા દરમ્યાન મોટી સંખ્યામાં ભાવિક ભક્તો યાત્રામાં જોડાયા હતા અને ભગવાન જગન્નાથજીના દર્શન અને તેમનો પ્રસાદ ગ્રહણ કરી ધન્યતા પ્રાપ્ત કરી હતી. સમગ્ર યાત્રાના રૂટ પર ટ્રાફિક સમસ્યા ન સર્જાય એ હેતુ દમણ પોલીસ દ્વારા બંદોબસ્ત પણ ગોઠવવામાં આવ્યો હતો.

જમીનની હિસ્સા માપણી વિના જ નાણાં ચૂકવ્યાનો આક્ષેપ

ચીખલીના સૂંઠવાડના ખેડૂતો કલેક્ટરને લેખિતમાં પ્રાંત કચેરીની કામગીરી અંગે લેખિતમાં ફરિયાદ કરી

ધોજઃ ચીખલીના સૂંઠવાડ ગામમાં વાંધા અરજી આપી હોવા છતાં સહખેડૂત ખાતેદારોની સંમતિ વિના જ પ્રાંત અધિકારી દ્વારા એક તરફી નિર્ણય કરી એક ખેડૂતને વડોદરા મુંબઈ એક્સપ્રેસ હાઈવેનું વળતર ચૂકવી દેવાતા જિલ્લા કલેક્ટરને રજૂઆત કરવામાં આવી છે. હિસ્સા માપણી પણ ન થઈ હોવા છતાં પ્રાંત કચેરી દ્વારા જ હિસ્સો નક્કી કરી દેવાતા પ્રાંત કચેરીના કારભાર સામે અનેક સવાલો ઊભા થવા પામ્યા છે ત્યારે જિલ્લા કલેક્ટર દ્વારા હિસ્સા માપણી વિના ચૂકવાયેલા વળતરના તમામ કિસ્સામાં તટસ્થ તપાસ કરાવવામાં આવે તો ચોંકાવનારી હકીકત બહાર આવે તેમ છે.

સૂંઠવાડના ખેડૂત મુકેશભાઈ રમણભાઈ પટેલ દ્વારા જિલ્લા કલેક્ટરને કરેલી લેખિત રજૂઆતમાં જણાવ્યા અનુસાર સુઠવાડ ગામના બ્લોક નંબર ૨૮૫વાળી સંયુક્તપણા હેઠળની જમીનમાં તેમના હિસ્સાની જમીનનું વળતર મેળવવા માટે જમીન સંપાદન અધિકારી સમક્ષ સાધનિક કાગળો રજૂ કરેલા હતા અને એક વાંધા અરજી પણ રજૂ કરી હતી. તેમ છતાં કોઈ પણ પ્રકારની લેખિત કે મૌખિક સુનાવણી કર્યા વગર અને તલાટી કમ મંત્રીના ખરાઈનો દાખલો તથા સરકારી બાકી લેણાં નથીનો દાખલો, સંપૂર્ણ સંમતિ વગર તમામ રકમ તેમની માતાના ખાતામાં જમા કરી છે, જેથી તેમની હક્ક હિસ્સાની રકમ અપાવવાની માંગ કરી છે.

ખેડૂત મુકેશભાઈ અને તેમના પરિવારના સુઠવાડના આ બ્લોક નંબરમાં ખેડૂત ખાતેદાર તરીકે નામ ચાલી આવવા ઉપરાંત તેમણે વાંધા અરજી આપી હોવા છતાં પ્રાંત અધિકારી દ્વારા વળતરની રકમ મુકેશભાઈની માતાના ખાતામાં જમા કરી દેવામાં આવી છે.

વધુમાં આ કિસ્સામાં કાયદેસરની હિસ્સા માપણી પણ કરવામાં આવી નથી ત્યારે પ્રાંત અધિકારી દ્વારા કેવી રીતે, કાયદાની કઈ જોગવાઈ મુજબ હિસ્સો નક્કી કરવામાં આવ્યો? હિસ્સો નક્કી કરવાની સત્તા પ્રાંત અધિકારી છે કે કેમ? સામાન્ય રીતે ખેડૂતોની અરસપરસ સંમતિથી ડીએલઆર કચેરી દ્વારા માપણી કરવામાં આવ્યા બાદ હિસ્સા માપણી થતી હોય છે અને બીજો રસ્તો કોર્ટનો હોય શકે તેવા સંજોગોમાં પ્રાંત અધિકારી દ્વારા કેવી રીતે હિસ્સો નક્કી કરી વળતર ચૂકવવામાં આવ્યું તે સમગ્ર બાબતે અને આ સિવાય બીજામાં પણ તમામ સહખેડૂત ખાતેદારોની સંમતિ વિના પોતાની રીતે જ હિસ્સો નક્કી કરી વળતર ચૂકવવામાં આવ્યું હોય તેવા તમામ કિસ્સાની તટસ્થ તપાસ જિલ્લા કલેક્ટર દ્વારા કરાવવામાં આવે તો મોટા ભોપાળા બહાર આવવાની શક્યતા નકારી શકાય તેમ નથી.

જો કે અરજદારની માતા ધનુબેનને સંમતિ પત્રને આધારે વળતર ચૂકવાયું હોય તથા નાયબ કલેકટરની કોર્ટમાં ૧/૬/૨૬ની બંને પક્ષોની સુનાવણીમાં તેમની માતાએ કોઈ પણ વળતરનો રૂપિયો ચૂકવવા સંમત નથી, તેમ જણાવ્યું હોવાનું જન સંપર્ક અધિકારી દ્વારા અરજદારને લેખિત જવાબમાં જણાવાયુ છે.

પરંતુ નાયબ કલેકટરના નિર્ણયથી નારાજ થઈ આ સુનાવણી બાદ મુકેશભાઈ દ્વારા જિલ્લા કલેકટરને લેખિત રજૂઆત કરવામાં આવી છે, ત્યારે જિલ્લા કલેક્ટર દ્વારા પ્રાંત અધિકારી દ્વારા હિસ્સા માપણી વિના હિસ્સો કેવી રીતે નક્કી કરવામાં આવ્યો અને સહખાતેદારોની સંમતિ વિના કઈ રીતે વળતર ચૂકવવામાં આવ્યું, તેની તપાસ કરાવવામાં આવે તો સાચી હકીકત બહાર આવે તેમ છે.

ચીખલીના સમરોલીમાં રણછોડરાય મંદિરેથી રથયાત્રા નીકળી

ધોજઃ ચીખલીના સમરોલી સ્થિત રણછોડરાય મંદિરથી ભગવાન જગન્નાથજીની વાજતે ગાજતે નીકળેલી રથયાત્રા ચીખલી નગરના ધોબીવાડ, બજાર સ્ટ્રીટ, વાણિયાવાડ, બગલાદેવ મંદિર, એસ.ટી.ડેપો સર્કલ થઈ સમરોલી સ્થિત મંદિર ખાતે પહોંચી હતી. વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળ દ્વારા વાણિયાવાડ સ્થિત રામજી મંદિર ખાતે રથયાત્રાનું સ્વાગત કરવામાં આવ્યું હતું. ચીખલી પીઆઇ-પીએસઆઇ તેમજ ચીખલી પોલીસના મહેન્દ્રભાઇ, વિજયભાઇ, કલ્પેશભાઇ, ગણપતભાઇ સહિતના ચીખલી પોલીસ દ્વારા ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થઈ હતી.

બીલીમોરાનું વાતાવરણ જય રણછોડના નાદથી ગૂંજી ઊઠ્યું

બીલીમોરાઃ બીલીમોરામાં ગુરુવારે દ્વારકાધીશ મંદિરેથી જય રણછોડના નાદ સાથે ૩૯'મી ઐતિહાસિક રથયાત્રા નીકળી હતી. જેમાં સેંકડો ભક્તોએ રથ ખેંચી ધન્યતા અનુભવી હતી. શણગારેલા રથ, ભગવાનનું મનમોહક સ્વરૂપ, ભક્તિ સંગીત, ભજનોની રમઝટ, કરતબ, જય જગન્નાથ, જય રણછોડના નાદ અને સેંકડો ભક્તોની ઉપસ્થિતીએ રાજમાર્ગો ઉપર આકર્ષણ જમાવ્યું હતું. રાજમાર્ગો ઉપર રથયાત્રાનું ઠેર ઠેર સ્વાગત કરાયું હતું. ડીવાયએસપી ગોહીલ, પીઆઇ સરવૈયા સહિત ૮૩ જવાનોના ચુસ્ત બંદોબસ્ત વચ્ચે રથયાત્રા શાંતિપૂર્ણ રીતે પૂર્ણ થઈ હતી. રથયાત્રા પશ્ચિમથી પૂર્વ વિસ્તારમાં કોલેજ સુધીના રાજમાર્ગો ઉપર ફરી પરત રેલ્વે ઓવરબ્રિજ, સ્ટેશન રોડ, તીન બત્તી, ગંગામાતામંદિર, વખારીયા બંદર રોડ થઈ નિજ મંદિરે પહોંચી હતી.